Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મા પર અસંખ્યાત કાળનાં અનંત કર્મો ચોંટેલા છે. અને બાર પ્રકારનાં તપથી ખપાવી શકાય છે.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯ | શ્રાવણ | આત્મ સંવત ૯૬ |
| અંક : ૧૦ | ઓગષ્ટ | વીર સંવત ૨૫૧૮ |
| | ૧૯૯૨ | વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનુ સાધ્ય | ડૉ કુમારપાળ દેસાઈ | ૧૦૫ |
| (૨) | આત્મસિદ્ધિ | અધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ | ૧૦૮ |
| (૩) | કલ્પતરુ સમાન કલ્પસૂત્ર | ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૧૫ |



## આ સભાના નવા આજીવન સભ્ય

(૧) શ્રી ખોડીદાસ દેવચંદ શાહ–ભાવનગર.

(૨) શ્રી જતીનકુમાર નગીનદાસ લલ્લુભાઇ શાહ–ભાવનગર.

પર્યુષણ પર્વ નિમિત્તે

## હોંગકોંગ–સિંગાપુરના પ્રવાસે ડૉ. કુમારપાળ દેસાઈ

પર્યુષણ પર્વ પ્રસંગે જૈન સેન્ટર હોંગકોંગ દ્વારા યોજાયેલા આઠ દિવસની પ્રવચન શ્રેણી માટે જાણીતા સાહિત્યકાર અને જૈન દર્શનના ચિંતક ડૉ કુમારપાળ દેસાઇને નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ સેન્ટર દ્વારા નિમંત્રણ મેળવનાર તેઓ સર્વપ્રથમ વકતા અને વિદ્વાન છે, આ ઉપરાંત હોંગકોંગમાં ભારતીય સંસ્કૃતિ અને અન્ય વિષયો પર પણ તેઓના પ્રવચન ગોઠવવામાં આવ્યાં છે, હોંગકોંગના પ્રવાસ પૂર્વે ડૉ. કુમારપાળ દેસાઈ સિંગાપોરમાં પ્રવચનો આપશે, ત્યારબાદ તેઓનો ચીનનો પ્રવાસ પણ ગોઠવવામાં આવ્યો છે

આ અગાઉના લંડનના પ્રવાસ દરમિયાન ડૉ. કુમારપાળ દેસાઇના અતિથિવિશેષ પદે જૈન દર્શન અને ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો, આગામી સપ્ટેમ્બરથી લંડનની જુદી જુદી કોમ્યુનિટી સ્કૂલમાં ભણાવવામાં આવનાર અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ હાલ અંગ્રેજી અને ગુજરાતીમાં તૈયાર થઈ રહ્યા છે.

## શોકાંજલિ

શ્રી ગંજરાબા જયંતિલાલ કાપડીયા ઉં. વર્ષ ૮૩ ભાવનગર મુકામે તા. ૧૦-૮-૯૨ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા અને ધર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તી મળે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ,

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ એલ બી.

# મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનું સાધ્ય

— ડૉ. કુમારપાળ દેસાઈ

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તી મે સવ્વભુએસુ, વેરં મજ્ઝ ન કેણઇ.

[ હું તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગુ છું. એ તમામ જીવો મને તેમના તરફના મારા અપરાધોની ક્ષમા આપો. તમામ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે. મારે કોઈ પણ જીવ સાથે વેરભાવ નથી. ]

ક્ષમાના બોલથી અને પ્રેમના ચક્ષુથી સંસારને સંબોધવાની અને જોવાની શીખ આપનાર પર્વાધિરાજ પર્યુષણ છે.

સાધનાના સાત દિવસ પૂરા થયા પછી ઊગે છે સિદ્ધિનો સંવત્સરી દિન.

આત્મશુદ્ધિ અને આરાધનાના સાત દિવસનો સરવાળો ક્ષમાયાચનામાં છે. આકાશના મેઘથી આચ્છાદિત હૈયું જળ વરસાવી સ્વચ્છ બન્યું હોય, રંગરાગનાં ઇન્દ્રધનુ હવે એમાં રહ્યા ન હોય એવી રીતે સાત-સાત દિવસ તપ, દાન, સ્વાધ્યાય અને પ્રતિક્રમણની પવિત્ર ધારામાં આકંઠ સ્નાન અને આકંઠ પાન કરનારા ઉપાસકોનાં હૃદય વાદળવિહોણા આકાશ જેવા સ્વચ્છ બન્યાં છે. કામ, ક્રોધ, મદ અને માનનાં ઇન્દ્રધનુ હવે એમની રંગલીલા પ્રસારી અહીં પડયા નથી. નદીઓમાં નવાં જળ આવે અને કાદવ કીચડ ધોવાઇ જાય તેમ સંવત્સરીદિનના પ્રતિક્રમણ વખતે જીવનમાં અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહની ભાવનાનાં પૂર વધશે તેમજ ક્ષમાપનાનાં જળ હિલોળે ચડશે.

કેટલાક લોકો કિનારે વસે છે. તેઓ માત્ર સપાટી પરનાં કોડી અને શંખલા જ મેળવે છે. જળમાં ડૂબકી મારવાની એમને ઇચ્છા કે સાહસ હોતા નથી. જેઓ પશ્ચાતાપમાં જળમાં કે ઉદારત્વનાં વારિમાં ડૂબકી ખાતા નથી, એમાં આકંઠ સ્નાન કરીને શુચિતા પ્રાપ્ત કરતા નથી એમની બધળી આરાધના વ્યર્થ જાય છે.

જેઓ ક્ષમે છે, ક્ષમાવે છે, જેઓ ખમે છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખમાવે છે તેઓની આરાધના છે. તેઓની ક્ષમાપના છે આજે ઘેર-ઘેર, કુટુંબે કુટુંબે ભડભડતો અગ્નિ પ્રજ્વળે છે. ક્યાંક મન ઊંચાં થાય છે તો ક્યાંક દિલ રૂઠયાં છે. ક્યાંક દ્વેષનો ડંખ સતાવે છે તો ક્યાંક વેરની આગ પ્રજ્વળે છે. શું જીવનભર એ અગ્નિમાં બળતા અને સળગતા રહેવું છે કે શીતલ ક્ષમાપનાના જળમાં સ્નાન કરવું છે?

આજે એનો નિર્ણય લેવાનો છે. અને તો જ પર્વની આરાધના કરી પ્રમાણ છે. ભગવાન મહાવીરે એક કોડી માટે નવસો નવ્વાણું રૂપીયા ખોનારનું માર્મિક દૃષ્ટાંત આપ્યું છે. 'એક માણસ કમાવા માટે પરદેશ ગયો. ખૂબ મહેનત કરીને એ હજાર રૂપિયા કમાયો. એ હવે સારા સથવારા સાથે ઘેર આવવા નીકળ્યો. એક હજાર રૂપિયામાંથી એક રૂપિયો જુદો રાખ્યો ને ૯૯૯ વાંસળીમાં નાખી કેડે બાંધ્યા.

એક રૂપિયાની એણે કોડીઓ લીધી અને નક્કી કર્યું કે આ સો કોડીમાં પ્રવાસખર્ચ પતાવવો. ધીરે ધીરે એણે ઘણો રસ્તો કાપી નાખ્યો. હવે ગામ થોડેક દૂર રહેતાં, એ એક ઠેકાણે ખાવા બેઠો. ત્યાં પોતાની પાસેની એક કોડી ભૂલી ગયો એ આગળ વધ્યો. માર્ગમાં તેને યાદ આવ્યું કે તે એક કોડી પાછળ ભૂલતો આવ્યો છે; ને હવે એક કોડી માટે વળી નવો રૂપિયો વટાવવો પડશે.

પણ કેડે ૯૯૯ રૂપિયાનું જોખમ હતુ, એ લઇને એકલા પાછા ફરવું ઠીક નહોતું. એણે એક ઠેકાણે ખાડો ખોદી રૂપિયા દાટયા ને કોડી લેવા પાછો ફર્યો

જે સ્થળે વિસામો લીધો હતો ત્યાં તપાસ કરી. જ્યાં ભાથુ ખાધુ હતું તે જગ્યા ફંફોળી. જ્યાં પાણી પીધું હતું ત્યાં કાદવમાં હાથ નાંખીને કોડી શોધી. પરંતુ ક્યાંય કોડી ન જડી. દોડતો પાછો આવ્યો, તો ત્યાં દાટેલા રૂપિયા કોઇ કાઢી ગયું હતું, એની તો કોડીયે ગઇ અને નવસો નવ્વાણુ રૂપિયા પણ ગયા.'

ભગવાન મહાવીરે કહ્યું કે જેમ પેલા માણસે કોડી માટે નવસો નવ્વાણુ ખોયા એમ માણસ પોતાની વૃત્તિઓ ખાતર લાખેણા આત્માને ખોઇ નાંખે છે. કોડી જેવા દેહ માટે આત્માની અમીરાઇ ગુમાવે છે

પર્યુષણ પર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલાં મદ, માન, મોહને ભલે ખોઈ નાંખીએ પણ લાખેણા આત્માને શોધીએ આમે ય પર્યુષણ એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે. વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિતનું પર્વ ઊગ્યું છે દીપાવલીના પર્વે નફાતોટાનો હિસાબ કરવામાં આવે સંવત્સરી પર્વનો અર્થ છે વાર્ષિક પર્વ આ દિવસે વર્ષભરના સારા-નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીનું એક દૃષ્ટાંત આવે છે.

ત્રણ વેપારીઓ સરખી મૂડી લઇને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ-દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો. બીજો ભાવની મંદીમાં ફસાયો, છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકશાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ સમૂળગી રકમ જ ખોઇને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના તમામ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મુડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્ય જીવનમાં સદાચાર, શીલ ને વ્રત પાળી મુક્ત બને છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

આજના દિવસે આપણે જાતને ઓળખવાની છે. ભૂલ કોનાથી નથી થતી? માણસ માત્ર ભૂલને પાત્ર ગણાય છે એવી ભૂલ કોઇવાર આપમેળે થાય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો ય જીવનના વ્યવહારમાં કલેશ અને કંકાસ થાય છે. આ બધી ભૂલો કર્મની પાટી પર જરૂર અંકિત થશે પણ એ વજ્રલેખ બને તે પહેલાં એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડયું હતું. યુગો વીતી ગયા પછી ભગવાન મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વ ભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે, ભગવાન મહાવીરના બંને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનું ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારૂણ પરિણામ આવે? સંવત્સરી પર્વની સાચી સિદ્ધિ દોષ-દર્શનમાં છે ડગલે ને પગલે વેરાયેલા રાગ દ્વેષના પંક પાર કરી જવામાં છે. ભૂલો પ્રત્યેની જાગૃતિમાં છે જો માનવી સમયસર પોતાની ભૂલો અને ભોગો પ્રત્યે જાગૃત ન થાય તો એની ઘણી ખરાબ દશા થાય છે, એ અસત્યવાદી, વ્યસની, આસક્ત અને હિંસક બની જાય છે. આવા અજ્ઞાની મનુષ્યની દશા વિશે 'દશવૈકાલિક સૂત્ર'માં કહ્યું છે :

"જેવી રીતે રોજ ભયભીત રહેતો ચોર પોતાનાં કુકર્મો વડે દુઃખી થાય છે, તેવી જ રીતે અજ્ઞાની મનુષ્ય પોતાનાં કુકર્મોને લીધે દુઃખી થાય થાય છે અને અંત કાલ પાસે આવતાં છતાંય તે સંયમની આરાધના કરી શકતો નથી."

એક એંશી વર્ષના માજી મરણપથારીએ હતાં. જીવનના આખરી શ્વાસ લેતાં હતાં કોઇએ એમને કહ્યું કે માજી. હવે બધાંને ખમાવો, ત્યારે માજીએ કહ્યું કે હું બધાંને ખમાવું છું. પણ વચેટ દીકરાને ખમાવતી નથી, કારણ કે એ નખોદિયાનું મારે મોં જોવુ નથી. આમ એંશી વર્ષે પણ, અને જિંદગીના આખરી શ્વાસે ય માનવીના મનમાંથી ખોદિયો-નખોદિયો જતા નથી. છેલ્લે જ્યારે નવકાર સંભળાવતા હોય ત્યારે પણ માણસ જીવનનાં વેરઝેર અને બદલાની ગાંઠ વધુ ને વધુ મજબૂત બાંધતો હોય છે.

આમ પર્યુષણના આ દિવસો એ આંતરખોજના દિવસો છે માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી. આપણી ઇંદ્રિયોનું સુખ, પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે. પરંતુ પર્યુષણના દિવસો એ આત્મનિરિક્ષણના દિવસો છે. વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનુ બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઇ જાય છે. વેર, વિરોધ કે વૈમનસ્ય જન્મે છે, આ બધાનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગથી પાછા વળવાની વાત છે, તેમની ક્ષમા માંગવી, એમની સાથેનો વેર અને વિરોધ ત્યજી દેવો. એટલું જ નહીં પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મસિદ્ધિ

અધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

## દેવો કેમ આવતા નથી ?

હવે પ્રશ્ન માત્ર એક જ રહે છે કે, 'નારકો તો દુઃખી અને પરાધીન હોવાથી અહીં આવી શકે નહિ, પરંતુ દેવો તો ઇચ્છા મુજબ ફરી શકનારા અને દેવતાઇ પ્રભાવથી યુક્ત છે પછી તેઓ અહીં શા માટે આવતા નથી ?'

એનું સમાધાન એક જ છે કે દેવો અત્યંત સુખી છે. અતિશય સુખી મનુષ્ય પણ જ્યારે પોતાના બંગલા, મોટરો અને મોજશોખમાંથી પરવારતો નથી તો પછી તેના કરતાં અનંતી ઋદ્ધિને પ્રાપ્ત થયેલ દેવો પોતાનાં સુખમય સ્થાનોને છોડી દુર્ગંધથી ભારે ભાર ભરેલા મનુષ્યલોકમાં પગ મૂકવાનું કેમ પસંદ કરે ? છતાં પણ ભક્તિમાન દેવો શ્રી જિનેશ્વરદેવોના કલ્યાણકો વખતે પોતાના સંશય શ્રી તીર્થંકરદેવોને પૂછી તેનાં સમાધાનો મેળવવા માટે અથવા કોઇ મહર્ષિના તપોગુણથી આકૃષ્ટ થઇ આ મનુષ્યલોકમાં અનેકવાર આવે છે.

આજે પણ તેવા પ્રકારના પૂર્વજન્મના અનુરાગથી અગર વૈરના અનુબંધથી, પૂર્વકૃત સંકેતથી કે કામાનુરાગથી દેવો મનુષ્યલોકમાં આવે છે. પરંતુ તેવા બનાવો આ કાળમાં કવચિત્ બનતા હોવાથી તેની તેટલી પ્રસિદ્ધિ દેખાતી નથી. બીજી વાત એ છે કે ઉત્તમ મનુષ્યોને કેટલીકવાર દેવની ઉપમા આપવામાં આવે છે તે પણ મુખ્ય દેવની વિદ્યમાનતા સિદ્ધ કરે છે. મુખ્ય વસ્તુ કોઈ જગ્યાએ હોય તે જ તેનો ઉપચાર અન્યત્ર ઘટી શકે છે.

## બન્ધ અને મોક્ષ

આત્મા અને કર્મ એ બે પદાર્થોના સંબંધથી જેમ પુણ્ય, પાપ, પરલોક, સ્વર્ગ, નરકાદિની સિદ્ધિ થાય છે તેમ બન્ધ અને મોક્ષ, એ બે પદાર્થોની પણ સિદ્ધિ એ સંબંધ અને અ-સંબંધથી થાય છે.

આત્મા અને કર્મનું એક પ્રવેશાવગાહન રૂપ આપસમાં મળવું એ બંધ છે અને કર્મની સાથે મળેલ આત્માનું એ કર્મના બંધનથી સર્વથા મુક્ત થવું એ મોક્ષ છે.

અહીં એક શંકા અવશ્ય ઉત્પન્ન થાય તેમ છે કે 'જીવ અને કર્મનો સંબંધ આદિમાન છે કે અનાદિમાન ?' જો આદિમાન છે તો પહેલાં જીવ શુદ્ધ હતો તો તેને કર્મ લાગ્યા શી રીતે ? શુદ્ધાત્માને પણ જો વગર કારણે કર્મનો બંધ થાઇ તો મુક્તાત્માને કેમ ન થાય ? એ આપત્તિ ટાળવા માટે જો જીવ અને આકાશનો સંબંધ જેમ અનાદિમાન હોવાથી અંત વિનાનો છે જીવ અને કર્મનો સંબંધ પણ કદી દૂર થઇ શકશે નહિ.'

જીવ અને કર્મના સંબંધ માટે ઉપર જણાવેલી બંને પ્રકારની યુક્તિઓ સર્વથા અયોગ્ય છે. જીવ અને કર્મનો સંબંધ બીજાંકુરની જેમ હેતુ-હેતુમદ્ (કાર્ય-કારણ) ભાવવાળો છે તેથી તે અનાદિ હોવા છતાં પણ અંતવાળો માનવામાં કોઇ પણ જાતનો વિરોધ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજાંકુર, પિતાપુત્ર આદિની અનાદિ પરંપરા પણ ક્યારેક કાર્યને ઉત્પન્ન કર્યા વિના નાશ પામે, તો નાશ પામી શકે તેમ છે અથવા સુવર્ણ અને માટીનો સંયોગ અનાદિ હોવા છતાં અગ્નિ આદિના તાપથી તેનો અંત આણી શકાય છે.

અભવ્ય આત્માઓનો કર્મસંબંધ અનાદિ અનંત પણ હોય છે. કિન્તુ ભવ્ય આત્માઓનો સંબંધ તેવા પ્રકારનો હોતો નથી.

યોગ્ય સામગ્રી અને પ્રયત્નો દ્વારા તેનો અંત પણ કરી શકાય છે.

લોકમાં પણ જેમ પ્રાગભાવ અનાદિ હોવા છતાં સાંત છે, તેમ તેવા પ્રકારના આત્માઓનું ભવ્યત્વ અનાદિ હોવા છતાં પણ સાંત છે.

પ્રાગભાવ અવસ્તુરૂપ છે, તેમ પણ નથી, કારણ કે ઘટનો પ્રાગભાવ માટીના પિંડ – સ્વરૂપ હોવાથી ભાવરૂપ છે. એ રીતે અનાદિબદ્ધ આત્મા પણ બંધના હેતુઓને દૂર કરી યોગ્ય ઉપાયો દ્વારા પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરી સર્વકર્મનિર્મોક્ષ-સ્વરૂપ આત્માની સ્વાભાવિક સ્થિતિરૂપ મોક્ષને પામી શકે છે.

## મોક્ષમાં સુખ શું ?

'સર્વ કર્મોનો ક્ષય એ જ જો મોક્ષ છે, તો તેવા મોક્ષમાં શરીરાદિનો અભાવ હોવાથી, સુખ પણ શી રીતે હોઇ શકે ?'

આ પ્રશ્ન, શ્રી જૈનશાસનથી અપરિચિત, ભલભલાને પણ મૂંઝવે તેવો છે. પરંતુ તેવા આત્માઓ સુખના સ્વરૂપને સમજવા જેટલા સમ્યગ્જ્ઞાનને પામ્યા નથી, તેથી જ તેમને આ જાતની મૂંઝવણ થાય છે, સમ્યગ્જ્ઞાનના સ્પર્શ પછી આ મૂંઝવણ ટળી જાય છે.

દેહ અને ઇન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોનો ઉપભોગ એ સુખ નથી, કિન્તુ ઇન્દ્રિયાદિજન્ય ઔત્સુક્યાદિ દુઃખનો પરિહાર માત્ર છે.

સિદ્ધાત્માઓ તો જ્ઞાનાવરણીયાદિ ઘાતિ-કર્મોના આવરણોથી રહિત થયેલા હોવાથી ઉત્કૃષ્ટ જ્ઞાનવાન છે અને દુઃખના હેતુભૂત વેદનીયાદિ અઘાતિ-કર્મોનો ક્ષય થયેલો હોવાથી સુખી છે. શરીર અને ઇન્દ્રિયજન્ય સુખ એ સુખ નથી કિન્તુ સુખાભાસ છે પરંતુ તે દુઃખના પ્રતિકારરૂપ હોવાથી મોહમૂઢ આત્માઓને સુખની કલ્પના કરાવે છે. રોગની ઉપશાન્તિ માટે લીધેલું કડવું ઔષધ દુઃખરૂપ હોવા છતાં પણ સુખરૂપ મનાય છે તેમ મોહજન્ય ઔત્સુક્યથી થયેલ અરતિરૂપ દુઃખનો પ્રતિકાર હોવાથી વિષય સુખ એ ઉપચારથી લોકમાં સુખ મનાય છે.

ઉપચાર, સત્ય વસ્તુનો જ હોય છે. અને એ સત્ય સુખ છે, બીજું નહિ, પણ સર્વ કર્મ-રહિત મુક્તાત્માઓનું સુખ છે.

# આત્મા અમર છે

## બુદ્ધિમાન અને બુદ્ધિહીન વચ્ચે અંતર

જગતમાં કોઇપણ વિચારશીલ વ્યક્તિને એવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે, 'આ જન્મ લીધા પહેલા હું હતો કે નહિ ? અગર હતો તો ક્યાં અને કેવો હતો ? હું ક્યાંથી આવ્યો છું અને વર્તમાનમાં હું કેવો છું ? અહીંથી હું ક્યારે મરીશ અને મરણ બાદ મારું અસ્તિત્વ રહેશે કે નહિ ? જો અસ્તિત્વ રહેશે તો ક્યાં અને કેવા પ્રકારે રહેશે ? મારું અંતિમ લક્ષ્ય શું છે અને તેનાં સાધનો ક્યાં છે ?

બુદ્ધિમાન અને બુદ્ધિહીન વચ્ચે અંતર એટલું જ છે કે, બુદ્ધિમાન આ પ્રશ્નો પર કાયમ માટે વિચાર અને વિમર્શ કરે છે, જ્યારે બુદ્ધિહીન આ પ્રશ્નો પર ક્ષણભર માટે પણ વિચાર કરતો નથી.

કોઇ વિચાર કરે યા ન કરે: પણ એ વાતમાં લેશ પણ સંદેહ નથી કે, 'ચિંતનશીલ યા મૂર્ખ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંનેના હૃદયમાં આ પ્રશ્નોનો અનુભવ સમાન રૂપથી થાય છે.

એક એના રહસ્યનો તાગ મેળવવા માટે આવશ્યક પ્રયત્નો ચાલુ રાખે છે, બીજો આ માટેના કોઈપણ પ્રયત્નો પોતાના જીવનમાં કરતો નથી.

આથી એમ માની લેવાનું નથી કે, ચિંતનશીલ પ્રત્યેક વ્યક્તિ આ પ્રશ્નોનો યથાર્થ તાગ મેળવી શકે છે. ચિંતનશીલ યા વિચારશીલ વ્યક્તિઓમાંથી પણ એવી ઘણી જ અલ્પ વ્યક્તિઓ છે કે જેઓ કાયમ માટે આપોઆપ ઉઠનારા ઉપર્યુક્ત પ્રશ્નોનો સાચો નિર્ણય કરી શકે છે.

ચિંતન યા વિચાર નહિ કરનાર વ્યક્તિઓની જેમ ચિંતન યા વિચાર કરનારાઓનો પણ મોટો ભાગ, ઉપર્યુક્ત પ્રશ્નોનો નિર્ણય પ્રાપ્ત કર્યા સિવાય જ જીવનનો અંત કરે છે અને જે કોઈ થોડા એ પ્રશ્નોના કાંઇ પણ નિર્ણય ઉપર આવે છે તેઓમાં પણ મોટો ભાગ યથાર્થ નિર્ણયના બદલે અયથાર્થ નિર્ણયને જ યથાર્થ તરીકે માનનારા હોય છે.

## ગંભીર વિચારની આવશ્યકતા

આ એક એવો વિષય છે કે, જેના પર સઘળાયે વિચારશીલ પુરુષોએ ગંભીરતાપૂર્વક વિચાર કરવાની આવશ્યકતા છે. આ વિષયનો નિર્ણય મેળવવા માટે જો પૂરતી સાવધાની રાખવામાં ન આવે તો ભાગ્યે જ યથાર્થ નિર્ણય પ્રાપ્ત કરી શકાય છે પૂરેપૂરી સાવધાની અને ગંભીરતાથી યોગ્ય સાધનો દ્વારા એકસરખું અધ્યયન કરવામાં આવે તો મધ્યસ્થ બુદ્ધિવાળો આત્મા આ અતિ ગૂઢ પ્રશ્નોના યથાર્થ રહસ્યને પામવા અવશ્ય સફળ બની શકે તેમ છે.

આથી એ વાત સ્વયંસિદ્ધ થાય છે કે જ્યાં સુધી આ પ્રશ્નોનો યથાર્થ નિર્ણય ન થાય ત્યાં સુધી એનો નિર્ણય મેળવવા માટે સાવધાનીપૂર્વક અવિરત પ્રયત્નો કરવા એ પ્રત્યેક વિચારશીલ વ્યક્તિનું મુખ્ય કર્તવ્ય થઈ પડે છે.

જ્યાં સુધી, 'હું કોણ હતો ? શું છું ? અને કેવો થવા ઇચ્છું છું ? ' એનો જ પોતાને પત્તો નથી ત્યાં સુધી જીવન ધ્યેય શૂન્ય રહે છે. ધ્યેય વગરના જીવનવાળો જે કોઈ પ્રયત્ન કરે છે તે અસ્તવ્યસ્ત હોય છે. પ્રયત્નો એને કોઇ નિશ્ચિત સ્થાન પર લઈ જનાર બની શકતા નથી. ધ્યેય શૂન્ય આત્મા ધ્યેય સુધી પહોંચવાના માર્ગે કે સાધનોનો પણ જેમ વિચાર કરતો નથી તેમ જીવનમાં માનસિક શાંતિનો પણ તેવા પ્રકારનો અનુભવ કરી શકતો નથી માનસિક શાંતિ તથા વ્યવસ્થિત પ્રયત્ન નિશ્ચિત ધ્યેયવાળા જીવનમાં જ સંભવિત છે.

'હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? અને હવે મારે કયાં જવું યોગ્ય છે ? ' એનો વિચાર કરનાર આત્મા જ પોતાના જીવનને નિશ્ચિત ધ્યેયવાળું બનાવી શકે છે અને પછી તેના બધા પ્રયત્નો ધ્યેય–સન્મુખતા પ્રાપ્ત કરે છે.

## આત્માનું અસ્તિત્વ

'આત્મા જેવી કોઈ વસ્તુ છે કે નહિ ? ' એ બાબતનો નિશ્ચય જ્યાં સુધી ન હોય ત્યાં સુધી 'હું ભૂતકાળમાં કેવો હતો ? અને ભવિષ્યકાળમાં કેવો હોઇશ ? ' એના વિચાર કરવાનું કોઇ પ્રયોજન રહેતું નથી એ કારણે સૌથી પહેલાં, જગતના અન્ય પદાર્થોના અસ્તિત્વની જેમ આત્માનું પણ અસ્તિત્વ છે એ પ્રકારનો નિશ્ચય પૂરેપૂરો જરૂરી છે.

આત્માનું અસ્તિત્વ છે એ સમજવા માટે સરળમાં સરળ ઉપાય એ છે કે, પ્રત્યેક પ્રાણીને 'અહં' અર્થાત્ 'હું' એવું જે જ્ઞાન થઈ રહ્યું છે, તેનો વિષય શું છે ? એની ખોજ કરવી. એની ખોજ કરવાથી ખાતરી થાય છે કે, 'અહં'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પદલક્ષી 'હું' થી શરીર, ઈન્દ્રિય કે એવી બીજી કોઈપણ બાહ્ય વસ્તુનું ગ્રહણ થતું નથી, પણ જેનું ગ્રહણ થાય છે, તે જ આત્મા છે. શરીર, ઇન્દ્રિય કે મન વગેરે આત્મા નથી, પણ આત્માની સાથે સંબંધ પામેલ અન્ય વસ્તુઓ છે, એ સંબંધ સ્વ-સ્વામીભાવનો છે કે જે છઠ્ઠી વિભક્તિ દ્વારા વ્યકત થાય છે.

'હું શરીર', 'હું ઇન્દ્રિયો' કે 'હું મન' એવો અનુભવ થવાને બદલે, 'મારું શરીર', 'મારી ઇન્દ્રિયો', 'મારું મન' એવી જાતનો જ અનુભવ પ્રત્યેક આત્માને થાય છે, એથી સિદ્ધ થાય છે કે 'અહં'-પદલક્ષ્ય' એ શરીરાદિ નથી. પણ શરીરાદિથી ભિન્ન, શરીરાદિનો સ્વામી કોઈ અન્ય છે

## લક્ષણની પરીક્ષા

આત્માના અસ્તિત્વનો નિર્ણય થયા બાદ આત્માનું સ્વરૂપ અને લક્ષણ શું? એ વાતનો નિશ્ચય કરવો જરૂરી છે.

આત્માના સ્વરૂપ અને લક્ષણનો ખ્યાલ આવી જાય તો આત્મા કયાંથી આવ્યો અને કયાં જવાનો? એ વગેરે પ્રશ્નોનો નિકાલ ઘણી જ સહેલાઈથી થઈ શકે એમ છે.

કોઈપણ પદાર્થનું લક્ષણ યા સ્વરૂપ શું છે? એ નક્કી કરવા માટે પ્રથમ એ પદાર્થના ભ્રમાત્મક લક્ષણ, જેને સંસ્કૃતમાં ઉપલક્ષણ યા ઉપાધિ કહેવામાં આવે છે તે તથા જેનો ત્રણે કાળમાં કદી પણ વિયોગ થતો નથી એવાં તથ્ય લક્ષણ, ઉભયનો વિચાર કરવો આવશ્યક બને છે.

પ્રથમ પદ્ધતિ એ 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે અને બીજી પદ્ધતિ એ 'સમન્વયાત્મક' છે.

જળનું લક્ષણ નક્કી કરવું હોય ત્યારે વિશ્લેષણાત્મક પદ્ધતિ વડે આપણે એ નક્કી કરી શકીએ છીએ કે, ઉષ્ણતા એ જળનું લક્ષણ નથી પણ ઉપલક્ષણ યા ઉપાધિ છે. તે ઉષ્ણતા અગ્નિ સંયોગરૂપ ઉપાધિથી જળમાં ઉત્પન્ન થયેલી છે. તે ઉપાધિ દૂર થતાંની સાથે જ ઉષ્ણતાનો વિલય થવા માંડે છે અને જળની સ્વાભાવિક શીતતા પ્રગટ થાય છે.

એ રીતે ઉષ્ણતા એ ત્રિકાળ સહવર્તિની નહિ હોવાથી જળનું લક્ષણ બની શકતી નથી કિન્તુ ઉપલક્ષણ બને છે એટલે તે જળનું યથાર્થ જ્ઞાન કરાવવા માટે સમર્થ થઈ શકતી નથી કિન્તુ ભ્રમાત્મક જ્ઞાન કરાવે છે.

સમન્વયાત્મક પદ્ધતિનું કાર્ય, પદાર્થનું યથાર્થ સ્વરૂપ યા યથાર્થ લક્ષણ શું છે? તેનું ભાન કરાવવાનું છે

જળનું યથાર્થ યાને અભ્રમાત્મક લક્ષણ શીતતા છે, એનું ભાન સમન્વયાત્મક પદ્ધતિ કરાવે છે. કોઇપણ પદાર્થનું લક્ષણ પ્રાકૃતિક છે યા કૃત્રિમ છે? એને સરળતાથી જાણવાનો ઉપાય છે કે, જ્યાં કૃત્રિમ લક્ષણ જોવામાં આવે છે, ત્યાં 'શાથી' એવો પ્રશ્ન ઉઠયા સિવાય રહેતો નથી.

જળને ઉષ્ણ જોતાંની સાથે જ 'આ જળ શાથી ઉષ્ણ છે?' એવો પ્રશ્ન તરત ઉઠેલો થાય છે. જ્યારે જળનો જે પ્રાકૃતિક (Natural) ધર્મ છે, તે શીતળતાનો અનુભવ કરતી વખતે કોઇને પણ, 'શાથી શીતળ છે?' એવો પ્રશ્ન ઉઠતો નથી. એજ એમ બતાવે છે કે, 'જળમાં ઉષ્ણતા' એ કૃત્રિમ છે અને 'શીતતા' એ સ્વાભાવિક છે.

તેથી સ્વાભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'સમન્વયાત્મક' પદ્ધતિ છે એમ વૈભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે.

## પદાર્થોનું સનાતન અસ્તિત્વ

આત્માનું પ્રથમ લક્ષણ કોઇ હોય, તો તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સત્' યાને અસ્તિત્વ છે.

આત્મા સનાતન છે અર્થાત્ આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધ્ય છે એ વસ્તુ સમજવા માટે સૌથી પહેલાં એ નિર્ણય કરવો પડશે કે 'આ જગતમાં અવિદ્યમાન વસ્તુ કોઈ ઉત્પન્ન થતી નથી અને વિદ્યમાનનો કદાપિ વિનાશ થતો નથી.

'નાસતો વિદ્યતે ભાવો, નાઽભાવો વિદ્યતે સતઃ ।'

'જે કદી હોતું નથી તે ઉત્પન્ન થતું નથી અને જે છે તેનો કદી અભાવ થતો નથી.'

મતલબ કે કોઈ પણ દ્રવ્યનો વિનાશ થતો જ નથી. માત્ર તેનું રૂપ, આકાર, નામ કે સ્થાન બદલાય છે.

દાખલા તરીકે, સુથાર ખુરશી યા પાટલી બનાવે છે, ત્યારે તે કોઈ નવો પદાર્થ ઉત્પન્ન કરતો નથી, પરંતુ બજાર યા જંગલમાંથી લાવેલ લાકડાના યોગ્ય ટુકડા કરી, તેને યોગ્ય ઇચ્છિત આકારે જોડવે છે.

આ રીતે દરેક ચીજમાં સ્થાન, આકાર યા નામનું પરિવર્તન થવા સિવાય નવું કંઈ ઉત્પન્ન થતું નથી. મૂળથી અસ્તિત્વમાં જ ન હોય, તેવા કોઇપણ પદાર્થનું સર્જન યા વિનાશ આ જગતમાં છે જ નહિ.

આધુનિક પદાર્થ-વિજ્ઞાનના શોધકોને પણ આ જ વાતનો એક યા બીજા શબ્દોમાં સ્વીકાર કરવો પડ્યો છે.

કોઇ એને 'પદાર્થની અનશ્વરતા કહે છે કોઈ એને 'પદાર્થનું અનુત્પાદ્યત્વ' કહે છે, તો કોઈ એને 'શકિતનું નિત્યત્વ કહીને' સ્વીકારે છે.

આત્માના વિષયમાં પણ એ જ રીત લાગુ પડે છે. કોઇ પ્રશ્ન કરે કે, 'જન્મ લીધો તે પૂર્વે હું હતો કે નહિ?' તો તેને એક જ ઉત્તર આપવાનો રહે છે કે, 'વર્તમાન સમયમાં તું વિદ્યમાન છે કે નહિ?' એ પ્રશ્નનોનો તું જે ઉત્તર આપે, તેના ઉપર તારા પ્રશ્નોનો જવાબ અવલંબેલો છે.

કોઈ પણ એમ કહી શકે એમ નથી કે, વર્તમાન સમયમાં હું વિદ્યમાન નથી.' એથી જ સિદ્ધ થાય છે કે, 'જો, તું વર્તમાન સમયે વિદ્યમાન છે, તો તું પહેલા પણ અવશ્ય વિદ્યમાન હતો, અને હવે પછી પણ અવશ્ય વિદ્યમાન રહીશ' કારણ કે જે પહેલાં નથી તેની હમણાં ઉત્પત્તિ થઇ શકતી નથી અને જે હમણાં 'વર્તમાન છે, તેનો ધરમૂળથી અભાવ કદી થઇ શકતો નથી. અલબત્ત, લાકડું જેમ ખુરશી અને પાટલીરૂપે પરિવર્તન પામી ગયું, તેમ તારામાં પણ અનેક પ્રકારનાં પરિવર્તનો થતાં રહેવાનાં, કિન્તુ તારો સર્વથા અભાવ કદી થઇ શકતો નથી.

આત્મા સનાતન છે અને આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધિત છે, એ વસ્તુ સમજવા માટે દર્શન-શાસ્ત્રનું કે ભૌતિક પદાર્થ-વિજ્ઞાનનું આથી અધિક જ્ઞાન મેળવવાની આવશ્યકતા રહેતી નથી, એમ સામાન્યતયા કહી શકાય.

## અમરત્વ સ્વાભાવિક ગુણ

આત્માના અસ્તિત્વની સિદ્ધિમાં આપણે એ વાત નક્કી કરી કે, આત્મા તે પદાર્થ છે, કે જેનો સંકેત, જેનું સંબોધન અને જેની ઓળખાણ આપણે 'હું' શબ્દથી કરીએ છીએ. 'હું' પદનું સંબોધન, 'હું' પદનો સંકેત કે 'હું' પદથી ઓળખાવનાર જે વસ્તુ છે તે જ આત્મા છે. કારણ કે આત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુ 'હું' એ પદનો સંકેત બની શકતી નથી.

જ્યાં સુધી જગતમાં 'અહં' યા 'હું' પદનો વ્યવહાર વિદ્યમાન છે, ત્યાં સુધી આત્માની સત્તાનો નિષેધ કરનાર નાસ્તિકો પોતાની કોઈ પણ યુકિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વડે સફળતા મેળવી શકે એ સંભવિત જ નથી. આસ્તિક જેમ 'અહં' પદથી વ્યવહાર કરે છે, તેમ નાસ્તિક પણ પોતાની જાતને ઓળખવા માટે 'અહં' પદનો જ પ્રયોગ કરે છે.

'આત્મા છે', એ સિદ્ધ કરવા માટે આના કરતા બીજું કોઈ મોટું પ્રમાણ નથી. આ એક જ પ્રમાણની આગળ આત્મસત્તાનો નિષેધ કરનારી સઘળી યુક્તિઓ પાંગળી બની જાય છે.

'અહં' પદના સંકેતથી જ્યારે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, ત્યારે 'હું' અને 'મરી ગયો' અથવા 'હું' અને 'નથી' એ પ્રકારના વાકયોના પ્રયોગ જ અસંભવિત બને છે.

ડોક્ટર અથવા સંબંધી રોગીની નાડી જોઇને કહે છે કે, 'આ મરી ગયો છે' અથવા રોગીને સ્વયં શંકા યા ભય રહે છે કે, 'હું મરી જઇશ.' પરંતુ એ વાકયપ્રયોગો ઔપચારિક છે. મરવાનો વાસ્તવિક માનસિક અનુભવ કોઇને પણ થતો જ નથી.

'હું' અને 'મર્યો છું' એ અનુભવ જ અસંભાવિત છે. 'હું' અને 'નથી' એ બે શબ્દોના એક સાથે પ્રયોગ કરવો એ જેમ અસત્ય છે, તેમ 'હું' અને 'મરી ગયો' એ શબ્દોનો પ્રયોગ પણ અનુભવ વિરુદ્ધ છે.

'હું' મરી રહ્યો છું' એવો વાકયપ્રયોગ કેટલીક વાર અનુભવાય, ત્યાં પણ કેવળ વર્તમાન યા ભૂતકાળનો પ્રયોગ નથી, પરંતુ અપૂર્ણ વર્તમાન કાળનો પ્રયોગ છે. એનો સંબંધ ભવિષ્યત્ કાળ સાથે છે. તેથી એ પ્રયોગ પણ વાસ્તવિક મનોવિજ્ઞાનને અનુસરતો નથી, કિન્તુ ઉપચારજન્ય છે.

આ વિષયને વધારે સ્પષ્ટતાપૂર્વક સમજવા માટે નિદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

નિદ્રાના વિષયમાં આપણે એમ કહી શકીએ છીએ કે, 'હું ઊંઘી ગયો હતો' અથવા હું ઊંઘવા માટે જઇ રહ્યો છું' અથવા મને ઘણી ઊંઘ આવે છે' વગેરે; પરંતુ આપણે એ કહી પણ કહી શકતા નથી કે, 'હું ઊંઘું છું' કારણ કે એ શબ્દનો ઉપયોગ કરતી વખતે આપણે ઊંઘી ગયેલા નથી પણ જાગતા છીએ. એ જ વાત એ વાકયને અસત્ય ઠરાવવા માટે મોટું પ્રમાણ છે.

આમ જ્યારે નિદ્રા શબ્દનો પ્રયોગ પણ 'હું' પદની સાથે અસંભવિત છે, ત્યારે 'મરવું' એ શબ્દનો પ્રયોગ તો 'હું'ની સાથે સોએ સો ટકા અસંભવિત ઠરે છે. અર્થાત્ આત્માના સંબંધમાં મૃત્યુનું કથન જ 'અસંભવ' દોષનું ગ્રસિત છે.

વ્યવહારમાં 'તે મરી ગયો',-'હું મરી જવાનો છું', હું ઊંઘી ગયો છું.' 'તે હું નથી,' ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ થાય છે, તે આત્માની ભિન્ન ભિન્ન અવસ્થા માત્રને સૂચવનાર છે. કિન્તુ તેમાંનો એક પણ પ્રયોગ આત્માના સર્વથા અભાવને સૂચવતો નથી.

## મૃત્યુ એ સ્વભાવ નથી

જીવન જેમ આત્માનો સ્વાભાવિક ધર્મ છે તેમ મૃત્યુ એ આત્માનો સ્વાભાવિક ધર્મ નથી. જીવનની જેમ મરણ પણ આત્માની સ્વાભાવિક અવસ્થા હોત તો એનું નિવારણ કરવા માટે-મૃત્યુથી બચવા માટે કોઇપણ પ્રયત્ન કરત નહિ.

જે પોતાને માટે સહજ યા સ્વાભાવિક હોય છે તેનાથી બચવા માટે આ જગતમાં કોઇપણ પ્રયત્ન કરતું નથી.

જે સ્વભાવ નથી તેનાથી જ બચવા માટે સર્વ કોઇના પ્રયત્ન જોવામાં આવે છે.

માછલી માટે પાણીમાં રહેવું એ સ્વાભાવિક છે તેથી જ તે પાણીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતી નથી. પૃથ્વી પર રહેવું તે તેને માટે અસ્વાભાવિક છે. તેથી પૃથ્વી પર તે તરફડે છે અને પાણીમાં જવા પ્રયત્ન કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવી જ રીતે જીવવાથી કોઇ ગભરાતું નથી અને મરવાથી સહુ ગભરાય છે. એ જ એમ બતાવે છે કે જીવવું એ સ્વાભાવિક છે અને મરવું એ અસ્વાભાવિક છે.

મૃત્યુ પણ જો આત્માનો ધર્મ યાને સ્વભાવ હોત તો મૃત્યુથી બચવા માટે કોઈ પણ આત્મા પ્રયત્ન કરત નહિ. પરંતુ સઘળા આત્માઓ મોતથી બચવા માટે પ્રયત્નો કરે છે અને જીવવાની સદા-કાળ ઇચ્છા રાખે છે એ જ વાત 'જીવન' એ આત્માનો સ્વભાવ છે એ હકીકતને સિદ્ધ કરવા માટે પુરતું પ્રમાણ છે.

જે વાત જીવન અને મૃત્યુને લાગુ પડે છે એ જ વાત સ્વાસ્થ્ય અને રોગને લાગુ પડે છે.

સ્વાસ્થ્યને સહુ કોઇ ચાહે છે અને રોગને કોઇ પણ ચાહતું નથી. એથી જ સિદ્ધ થાય છે કે સ્વાસ્થ્ય એ સ્વાભાવિક છે અને રોગ એ અસ્વાભાવિક છે માંદાને દરેક પૂછે છે કે, 'શાથી માંદા પડયા ?' પણ સાજાતાજાને કોઇ પૂછતું નથી, કે- તમે સાજાતાજા શાથી છો ?'

એથી એ સ્પષ્ટ થાય છે કે, 'સ્વાસ્થ્ય સ્વાભાવિક છે તેથી એનું કારણ જાણવાની આવશ્યકતા રહેતી નથી.

નિરોગીતા અને રોગની બાબતમાં જ્યારે નિરોગિતા એ સ્વભાવ સાબિત થાય છે તો જીવન અને મૃત્યુના સંબંધમાં તો, 'જીવન એ સ્વાભાવિક અને મૃત્યુ એ અસ્વાભાવિક'- એ સ્પષ્ટતયા-સિદ્ધ થાય છે એથી પણ એ જ તારણ પર અવાય છે કે 'આત્મા સનાતન' છે.

## જન્મ અને મૃત્યુનો શબ્દાર્થ

સંસ્કૃતમાં જન્મ શબ્દ માટે મુખ્યત્વે નીચે મુજબ ત્રણ શબ્દો છે.

એક 'जन' ધાતુથી બને છે. એનો અર્થ 'આગળ આવવું યા પ્રગટ થવું' થાય છે.

'જન્મ' માટે બીજો શબ્દ 'ઉત્પત્તિ' છે જે 'उत' પૂર્વક 'पद्' ધાતુથી બને છે. તેનો અર્થ પણ 'ઉપર આવીને પ્રગટ થવું' એ છે. બીજા શબ્દોમાં કહીએ તો જે આજ સુધી ઢંકાયેલું હતું તે પ્રગટ થઈને ઉપર આવી ગયું.

ત્રીજો શબ્દ 'સૃષ્ટિ' છે. સૃષ્ટિ 'सृज विसर्गे' એ ધાતુથી બન્યો છે. એનો અર્થ પણ 'અવ્યક્તને વ્યક્ત કરવું' એ થાય છે.

આ ત્રણે સંસ્કૃત શબ્દનો આંતરિક ભાવ એ છે કે 'કોઈ વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી, કે જે પહેલાં નહોતી,' જન્મ, ઉત્પત્તિ કે સૃષ્ટિ–એ ત્રણે શબ્દો એટલું જ સૂચવે છે કે 'જે વસ્તુ પહેલાં અમુક પર્યાય રૂપે અવ્યક્ત હતા તે અત્યારે અમુક પર્યાય રૂપે વ્યકત થઈ.'

મતલબ કે સંસ્કૃત ભાષામાં જન્મ શબ્દનો આ ત્રણથી અતિરિકત કોઈ એવો ચોથો પર્યાય શબ્દ નથી કે જે એનાથી વિપરીત સંકેતને કરતો હોય.

એ જ રીતે 'મરણ' માટે સંસ્કૃતમાં કોઇ શબ્દ હોય તો તે નાશ છે.

नश् अदर्श ने એ ધાતુથી નાશ શબ્દ બનેલો છે એનો અર્થ અવ્યકત યા અદૃશ્ય થઈ જવું એવો હોગ છે એટલા માટે નાશ સબ્દનો પ્રયોગ ત્રણે અવસ્થાઓમાં થઇ શકે છે.

જન્મ અને મૃત્યુના શબ્દાર્થથી પણ એ સિદ્ધ છે કે જન્મ યા મરણ જીવનની આદિ અથવા અંત નથી કિન્તુ અનાદિ-અનત જીવનની અમુક અવસ્થાઓ છે. જે જન્મ દ્વારા વ્યકત થાય છે.

આ રીતે સંસ્કૃત ભાષાનો શબ્દકોષ પણ આત્માના અમરત્વની સાક્ષી પૂરે છે અને આત્માના અમરત્વના નિર્ણયને મહોર મારે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલ્પતરુ સમાન કલ્પસૂત્ર

— ડૉ. કુમારપાળ દેસાઈ

નિર્મોહીના આંસુ જગતના બાગમાં મોતી વાવે છે. મોહી જીવોના રુદનભર્યા બાગને ઉજ્જડ બનાવે છે.

શોકનો પહાડ તૂટી પડ્યો હતો.

સહુના અંતરના દ્વાર ભીડાઈ ગયાં હતાં.

કલ્પાંત, રુદન ને હાહાકાર એ શહેરના શણગાર બન્યાં હતાં.

ધોળો દિવસ કાલરાત્રિ બની ગયો હતો માણસ જાણે દિવસે યમના પડછાયા જોતો હતો.

ગુજરાતનું વડનગર (આનંદપુર) પછીનું પાટનગર વલભી. એ વલભીનો રાજા ધ્રુવસેન પહેલો. એનો જુવાનજોધ કુમાર ફાટી પડ્યો હતો.

રાજા વલભીમાં હતો. રાજકુટુંબ વટનગરમાં હતું, પણ બંનેમાંથી એકેય સ્થળે શાંતિ ન હતી

રાજા કામમાં અધિક રચ્યોપચ્યો રહેવા લાગ્યો, તોય ઉદાસીનાં વાદળો દિલને ઘેરતાં રહ્યાં. પ્રવાસમાં અધિકાધિક પ્રવૃત રહેવા લાગ્યો પણ શ્રાવણના આભ જેવું અંતર સરવર સરવર વરસી જતું.

રે! હવે તો કોઇ ઉત્તમ ધર્મશ્રવણ ધર્મકરણી દિલને આસાયેશ આપે તો આપે! રાજા ધ્રુવસેન વિદ્વાન હતો. એના જ વલભીપુરમાં છેલ્લા જૈન શ્રુતો (શાસ્ત્રો આગમો) ગ્રંથારૂઢ થયાં હતાં. આગમ વાચનના બે પાઠો મેળવીને એક પાઠ તૈયાર કર્યો હતો

એમાં જ હતો એક ગ્રંથ

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ ગણિતાનુયોગ અને ધર્મકથાનુ યોગ આ ચાર યુગથી આલંકૃત એ ગ્રંથ હતો.

એ સ્વયં નિર્ગ્રંથ ભગવાનની વાણીથી ભરેલો ગ્રંથ હતો. ભગવાને જે કહ્યું તે ગણધર-સુધર્માસ્વામીએ બાર અંગોમાં ગૂંથી લીધું.

બાર અંગોમાં દૃષ્ટિવાદ નામનું ૧૨મું અંગ હતું. જેના ચૌદ પૂર્વ હતાં.

આ પૂર્વો જાણે તે પૂર્વધર

શ્રી ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વધર હતા.

શ્રી સ્થૂલિભદ્ર ૧૦ પૂર્વધર હતા.

વીરનિર્વાણ સંવત ૨૦૦માં આચાર્ય સત્યમિત્ર છેલ્લા પૂર્વધર હતા તે પછી પૂર્વજ્ઞાનનો સમૂળ વિચ્છેદ થયો.

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી જે રાજા ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન હતા તેમણે વિ. સં. ૫૧૦ લગભગ પ્રત્યાખ્યાનવાદ નામના નષ્ટ થનાર પૂર્વમાંથી ઉદ્ધૃત કરીને એક ગ્રંથની રચના કરી હતી

એ ગ્રંથનું નામ કલ્પસૂત્ર !

આચાર્ય ભદ્રબાહુ પછી ઘણો કાળ વહી ગયો અને વલભીમાં આગમ શાસ્ત્રોના ઉદ્ધાર સાથે એનો ઉદ્ધાર થયો.

સમુદ્ધારક હતા દેવર્ધિગણિ ક્ષમાશ્રવણ.

આ ગ્રંથનું સ્થાન આગમ જેટલું પવિત્ર હતું. મુનિરાજો પર્યુષણ કલ્પમાં કલ્પસૂત્રને વાંચતા ને સાંભળતા. સાધુઓ સુધી જ એનું વાંચન શ્રવણ સીમિત હતું

આ કલ્પસૂત્ર બારસો શ્લોક પ્રમાણ હતું. શ્રાવણી અમાવાસ્યાએ શરૂ થતું તે ભાદરવા સુદ બીજ સુધી અર્થ સાથે વંચાતું. પણ સળંગ વાંચનથી કોઈ વંચિત રહી ગયું હોય તો ભાદરવા સુદ ચોથે આખો બારસો શ્લોકોનો મુખપાઠ થતો.

પાંચ દિવસનો આ પર્યુષણ કલ્પ હતો.

રાજા ધ્રુવસેને વિનંતી કરી કે કંઈક ધર્મ-વાંચન કરાવો, 'ધર્મકરણીમાં પ્રવૃતિ બતાવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્પસૂત્ર જેવું સૂત્ર સંભળાવો, સભા રચાવો, સંગીત કરો.'

'રે! એ તો ભગવાનના ચરિત્ર છે.'

'ઓહ તો તો કાન અને હૃદય બંને ધન્ય થશે'

'સાધુઓની પાટપરંપરા અને સાધુઓના આચારો એમાં વર્ણવ્યા છે.'

'તો શું આપની કિલ્લેબંધીમાં ફક્ત મોટા માણસોનો સમાવેશ છે, છોટાઓએ એનાથી છૂટા રહેવાનું છે? તળાવે જઈને તરસ્યા મરવાનું છે! એ પ્રસંગે વૈરાગ્યની પ્રતિમૂર્તિઓ જેવા આચાર્યપુંગવો સંયમની પ્રતિભાશા ઉપાધ્યાય સાધુઓના અમને દર્શન થશે? દર્શનથી પણ અમારા દુઃખ-દર્દો જશે.'

પ્રશ્ન વિકટ થઈને ઊભો રહ્યો. રે! સાધુ માટે જ ગ્રંથની વાચના હોય તે એક શ્રાવકને કેમ અપાય?

શાસ્ત્રમાં પ્રતિબંધ છે તેનું શું?

આખરે કલ્યાણ જોનારા આચાર્ય શ્રી ધનેશ્વરસૂરિજીનું હૈયું ભેદાઈ ગયું. એમણે કહ્યું, "સભા રચાવો, સંગીત રચો, માણસના દિલના બંધ તોડવા નથી, પ્રતિબંધ ભલે તૂટે"

વડનગરના ઉપાશ્રયમાં વ્યાખ્યાન યોજાયું ઘણે દિવસે રાજાએ અલંકાર ધાર્યા અને હાથીના હોદે બિરાજ્યા. બંધ થયેલાં વાજિંત્રો ગડગડયાં રાણીઓએ કેશમાં તેલ નાંખી, સેંથા પૂર્યા ને ગૃહિણી ગીતો ગાતી ઉપાશ્રયે સંચરી. કલ્પસૂત્રથી ન મોટું શ્રુત. પ્રજાના ઉત્સાહની તો સીમા નહોતી

વિ. સં. પર૩માં (વીર સં. ૯૯૩માં) પહેલી વાર આમ જનતા સામે વડનગરમાં કલ્પસૂત્ર વંચાયું. વડનગરની એ ભૂમિને જ્ઞાન અને તપથી પાવન કરનાર આચાર્ય હતા શ્રી ધનેશ્વરસૂરિજી તે દિવસથી પર્યુષણ પર્વમાં આબાલવૃદ્ધને સાંભળવા માટે એ ખુલ્લું મૂકયું. તે દિવસથી એ પરંપરા આજ સુધી ચાલી આવી છે, ૧૫૦૦ વર્ષના વહાણા વાઇ ગયાં એ વાતને. આજે પણ પ્રભુપ્રતિમા જેટલો એ શ્રુતજ્ઞાનનો મહિમા જળવાઇ રહ્યો છે.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ લખેલા "દશાશ્રુતસ્કંધ" નામના ગ્રંથનું આઠમું અધ્યયન એટલે કલ્પસૂત્ર. એનું સાચું નામ છે પર્યુષણ કલ્પ. આ આઠમા અધ્યયનનું વાચન પર્યુષણના દિવસોમાં થતું હોવાથી એનું મહત્ત્વ એક સ્વતંત્ર ગ્રંથ જેટલું થઈ ગયું છે.

કલ્પસૂત્રને "બારસા સૂત્ર" તરીકે ઓળખવામાં આવે છે. આનું કારણ એટલું કે કલ્પસૂત્રનું લખાણ ૨૯૧ કંડિકા છે અને તેનું માપ ૧૨૦૦ કે તેથી વધુ ગાથા કે શ્લોકપ્રમાણ જેટલું ગણી શકાય. લલિત મધુર પદાવલીવાળું અર્ધમાગધી ભાષામાં લખાયેલું કલ્પસૂત્ર ભગવાનની વાણીનું સ્મરણ કરાવે તેવું છે. આમાં ભગવાન મહાવીરનું ચરિત્ર અત્યંત વિસ્તૃત રીતે આલેખાયેલું છે. તે પછી પાર્શ્વનાથ ચરિત્ર, નેમિનાથ ચરિત્ર અને ઋષભચરિત્ર મળે છે. જ્યારે બીજા તીર્થંકરો વિશે માત્ર એ ચાર લીટી જ મળે છે. તીર્થંકરોના ચરિત્રોનું આલેખન પશ્ચાનુપૂર્વીથી એટલે કે છેલ્લે થયા તેનું પહેલું વર્ણન કરવામાં આવ્યું છે. આમ મહાવીરસ્વામીના ચરિત્રથી આરંભ કરવામાં આવ્યો છે અને પછી ક્રમસર ભૂતકાળમાં જઇને છેલ્લે વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનનું જીવન આલેખાયું છે.

કલ્પસૂત્રના ત્રણ મુખ્ય વિભાગ છે. તેમાં પહેલાં વિભાગમાં સાધુઓની સમાચારી દર્શાવી છે ચાતુર્માસ દરમિયાન જૈન સાધુ-સાધ્વીઓના આચાર પાલનના નિયમો દર્શાવ્યા છે. બીજો ભાગ સ્થવિરાવલિનો છે. જેમાં ગણધર ગૌતમથી શરૂ કરીને સુધર્મા, જંબુ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર, કાલક વગેરે સ્થવિરોની પરંપરા અને શાખાઓ વર્ણવવામાં આવી છે. જ્યારે ત્રીજા ભાગમાં વર્તમાન ચોવીસીના તીર્થંકરોના ચરિત્રો મળે છે.

આમ જન ને અનુલક્ષીને એના ક્રમમાં ફેરફાર થયો છે. એમાં પ્રથમ સાધુજીવનના દસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિધિકલ્પોની ચર્ચા હતી અને સાધુ સમાચારીનું વર્ણન મુખ્ય હતું. તે ગૌણ થયું. જ્યારે ચોવીસ તીર્થંકરોના જીવન અને તેમાં પણ ત્રણ (પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભદેવ ભગવાન) તીર્થંકરોના જીવન અને તેમાંય ભગવાન મહાવીરસ્વામીનું જીવન મુખ્ય પદ પામ્યું. પર્યુષણમાં મહાવીર જન્મ વાચનના દિવસે માતા ત્રિશલાના ચૌદ મહાસ્વપ્ન અને ભગવાન મહાવીર સ્વામીના જન્મ વિશેનું લખાણ વાંચવામાં આવે છે. એ રીતે સુપન (સ્વપ્ન) ઉતારવાની અને જન્મ વધાઇનો ઉત્સવ આનંદોલ્લાસભેર ઉજવાય છે.

એક કવિ કહે છે તેમ.

'કલ્પસૂત્ર કલ્પતરુ સમાન છે.'

એ તરુના બીજ રૂપે મહાવીર ચરિત્ર, અંકુરરૂપે પાર્શ્વ ચરિત્ર, થડરૂપે નેમચરિત્ર, શાખારૂપે ઋષભચરિત્ર અને પુષ્પરૂપે સ્થવિરાવલિ ને સુગંધ રૂપે સામાચારી છે

'આ કલ્પસૂત્ર રૂપ કલ્પવૃક્ષનું ફળ મોક્ષ છે'

શ્રી કલ્પસૂત્રનો મહિમા વર્ણવતાં આચાર્યોએ કહ્યું છે કે, ધ્યાન દઇને સાંભળે ને આચરે તો આઠમા ભવે મોક્ષ થાય અને માત્ર સાંભળે તો ૨૧ ભવે મોક્ષ મળે

કલ્પસૂત્રમાં ચરિતાવલિ, સમાચારી વગેરે આપતાં એમાં આડકતરી રીતે ઘણી દુન્યવી બાબતોની ચર્ચા કરી છે. નવ રસ, ચાર અનુયોગ ધર્મ અને વ્યવહારદર્શક અનેક વાતો ગર્ભથી માંડી મોક્ષ સુધીના વિકાસની પ્રક્રિયાઓ આમાં આપવામાં આવી છે.

આ કલ્પસૂત્ર પર અનેક આચાર્યો અને વિદ્વાનોએ ટીકા લખી છે. એ જ દર્શાવે છે કે કલ્પસૂત્ર કેટલું બધું પ્રચલિત છે. વિખ્યાત જર્મન વિદ્વાન ડૉ. હર્મન જેકોબીએ સુંદર પ્રસ્તાવના સાથે કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો ત્યારથી વિદેશના વિદ્વાનોમાં પણ કલ્પસૂત્ર જાણીતું બન્યું છે ૧૭મી સદીમાં જ ત્રણ ટીકાઓ રચાઈ છે. દેલ્લું ખીમશાહી કહેવાતું પં. શ્રી ખીમવિજયજીગણિએ રચેલું ટબ્બરૂપ કલ્પસૂત્ર મહેમદાવાદમાં તૈયાર થયું છે. ઈ. સ. ૧૭૦૭ માં તે નગરશેઠ હેમાભાઈ અને પ્રેમાભાઇની ઉપસ્થિતીમાં વંચાયું હતું એ સમયે નગરશેઠ હેમાભાઈએ સર્વ શ્રોતાઓને એક-એક રૂપિયાની પ્રભાવના આપી હતી

૧૨મીથી ૧૫મી સદીની ચિત્રકલામાં જૈનોની આગવી ચિત્રકલા વિકાસ પામી ૧૫મી સદીમાં સાચા સોનાની શાહીથી અને રૂપાની શાહીથી કંડારાયેલું કલ્પસૂત્ર આજે મોજૂદ છે જેમ પૂર્વાચાર્યો અને વિદ્વાનોએ આ ગ્રંથના વિવરણરૂપે હજારો શ્લોકો લખ્યા છે એ જ રીતે અનેક ધર્મપ્રેમીઓએ કલ્પસૂત્રની હસ્તપ્રત તૈયાર કરાવીને એને જ્ઞાનભંડારમાં પધરાવવાનું અત્યંત પવિત્ર કાર્ય કર્યું છે. કલ્પસૂત્રની સૌથી જૂનામાં જૂની હસ્તપ્રત વિ સં. ૧૨૪૭ માં તાડપત્ર પર લખાયેલી મળે છે. જ્યારે દુનિયાની મોંઘામાં મોંઘી હસ્તપ્રતોમાં કલ્પસૂત્રની હસ્તપ્રતોનો સમાવેશ થાય છે.

૧૫૦૦ વર્ષ પહેલા રાજા ધ્રુવસેન માટે કલ્પતરુ સમાન નીવડ્યું. એના શોક અને મોહ દૂર થયા કર્તવ્યનો ઉલ્લાસ અને ધર્મનો ચિતાનંદ સહુને પ્રાપ્ત થયો. ક્રિયાની યમુનામાં જ્ઞાનની ગંગાનો સંગમ થયો. બે પાંખોથી પંખી ઊડે તેમ ક્રિયા અને જ્ઞાન બંને હોય તો જ આત્મા ઊંચો ચડે. આવું શ્રી કલ્પસૂત્ર આપણા સહુનું કલ્યાણ કરો. આપણે એ વાણીનું સ્મરણ કરીએ.

'વીતરાગથી વડો ન દેવ,
મુક્તિથી ન મોટું પદ,
શત્રુંજયથી ન વડુ તીર્થ,
કલ્પસૂત્રથી ન મોટું શ્રુત.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. GBV 31

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું

## પ્રકાશન

શ્રી નવસ્મરણાદ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણ-વિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂ. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

આ પુસ્તકા દેવનાગરી લિપિમાં પ્રિન્ટ કરેલ હોવાથી પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો તથા રાજસ્થાન, મારવાડ, તેમજ દક્ષિણ વગેરે દેશોમાં નિવાસ કરનારા સાધર્મિક ભાઇઓ અને બહેનો માટે ખૂબ જ ઉપયોગી છે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર

For Private And Personal Use Only